# જન્મદિને વધામણી


રાહુલભાઈ મહેતા


પ્રફુલ્લા ભાવસાર
મો. ૯૯૨૪૨ ૧૩૫૨૪


કુશ ઉદેચા
મો. ૮૦૦૦૯ ૧૧૨૫૧


દેવ પટેલ
મો. ૭૦૧૬૧ ૮૪૯૨૭


ગંભીરસિંહ ડોડિયા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ


ભાવનાબેન એન મોદી
મો. ૯૯૨૫૦ ૬૪૭૨૭


ભાગ્ય સુહાગ વોરા


ધ્રુવિબા
ખુમાનસિંહ ગોહિલ
મો. ૯૮૨૪૫ ૦૧૩૦૦


શિનોય હિરેનકુમાર રૂપાલા


સાન્વી હાર્દિકભાઈ
રાઠોડ

# રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે...


સાર્થક એરા સોસાયટી, સરગાસણમાં સરકારની ગાઈડલાઈનના દરેક નિયમોનું પાલન કરી નવરાત્રીની આરતીનું આયોજન થયું હતું.


લાયન્સ, લાયોનેસ ને લીયો કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૨ડી, પ્લોટ નં. ૧૭૫૫/૨ ખાતે માતાજીની પૂજા તેમજ આરતી કરવામાં આવી હતી. તેમાં લાયન પ્રમુખ ઉમંગ પંડ્યા, લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણા અને લીયો પ્રમુખ વિનય જયસિંઘાણી ત્રણેય કલબના પૂર્વ પ્રમુખો તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



નવરાત્રીમાં જાહેર સ્થળોએ ગરબા થવાના નથી ત્યારે નગરના ખેલૈયાઓએ ઘરે જ ટ્રેડીશનલ ડ્રેસમાં તૈયાર થઈ, ગ્રુપ બનાવી (સોશિયલ મિડિયાના માધ્યમથી) મિત્રો સાથે ઓનલાઈન ગરબા રમીને નવરાત્રીનો આનંદ માણ્યો હતો.


સેકટર-૮બી ખાતે છેલ્લા ૨૦ વર્ષથી હંસાબેન જે સાકરીયા તથા બાવના જે સાકરીયા દ્વારા નવરાત્રીમાં ભજન અને કિર્તનનું આયોજન થાય છે...



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા હિંમતનગર શામળાજી રાષ્ટ્રીય ધોરી માર્ગને અડીને આવેલા વડવાળા હનુમાન મંદિરમાં નવરાત્રી પ્રસંગે એલઈડી ફોક્સ તથા મૂર્તિને ફુલહારથી સુશોભિત કરવામાં આવ્યું હતું.


નવરાત્રી મહોત્સવમાં ચિલોડા મોટા ટીંબાવાળા વાસના પ્રવેશદ્વારે નાના ભૂલકાંઓ દ્વારા સર્જિત કલાત્મક માતાજીનો ગબ્બરે ભારે આકર્ષણ જમાવ્યું હતું.


નવરાત્રિમાં ગરબા બંધ છે પરંતુ માતાજીનો શણગાર ખુબ જ ઉત્સાહથી કરાય છે. નવરાત્રિના ત્રીજા દિવસનો ખુબજ સુંદર શણગાર!! પ્રથમ તસવીર મોટા અંબાજી નંદી પર બિરાજમાન અંબે માના શ્રી યંત્રના દર્શન , બીજી તસવીર અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાજીના પાર્વતી સ્વરૂપના અદભુત દરશન, છેલ્લી નંદી સ્વરૂપે બિરાજમાન માઁ બહુચરાજીનાં આસો સુદ ત્રીજ આજનાં દિવ્ય દર્શન! ભક્તો ઘેર બેઠા દર્શનનો લાભ લીધો હતો.

# ગાંધીનગર ખાતે નવનિર્માણ પામનાર રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટરનો શિલાન્યાસ

ગાંધીનગર, તા. ૧૯

શિક્ષણમાં સૌથી મહત્વની બાબત ગુણવત્તા છે. શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા અભ્યાસના આરંભ થી અંત સુધી જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે રૂપિયા ૨૪ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટરના નવીન મકાનનું શિલાન્યાસ કરતાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.

શિલાન્યાસ કર્યા બાદ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા જળવાઈ રહે તેનું ઉમદા કાર્ય કરવાની જવાબદારી આપણા સૌની છે. ગુણવત્તા હશે, તો જ સમાજમાં સારા વ્યક્તિત્વનું ઘડતર કરી શકીશું. સમગ્ર દેશમાં ગુજરાત રાજયમાં શિક્ષણ ક્ષેત્રે રહેલી ગુણવત્તાની નોંધ લેવામાં આવી છે.




શિક્ષણમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના કારણે શાળા-કોલેજોની પરીક્ષા અધુરી રહી ગઈ હતી. લોકડાઉનના કારણે દેશની અનેક સંસ્થાઓ પોતાની પરીક્ષાનું સુચારું આયોજન કરી શક્યા ન હતા. તેવા સમય દરમ્યાન રાજયના શિક્ષણ વિભાગ દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરીને પરીક્ષા યોજવામાં આવી હતી. તેમજ દર વર્ષે અપાતા બોર્ડનું પરિણામ માત્ર અઠવાડિયા જેટલા સમય જ મોડું અપાયું છે.

શિક્ષણએ લાંબી અને ધીમી પ્રક્રિયા છે, તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, આ સેન્ટરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ સમગ્ર રિઝલ્ટની કાર્યવાહી એક જગ્યાએથી થશે. તેમજ તેનો ફાયદો આગામી ટુંકા સમયમાં આપણેને અનુભવ થશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટરના પંડિત દિનદયાળ પરીક્ષા ભવનના નવીન મકાનનું નિર્માણ કરવામાં આવનાર છે. આજરોજ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે નવનિર્માણ પામનાર મકાનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. તેમજ નવનિર્માણ પામનાર ભવનના પ્લાનીંગની બારીકાઈથી માહિતી મેળવી હતી.

આ પ્રસંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એ.જે.શાહે આભારવિધી કરી હતી. આ પ્રસંગે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવ ડૉ. વિનોદ રાવ સહિત મહાનુભાવો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.